# ડીસા માર્કેટયાર્ડ ખાતે રાહતદરે ચોપડા વિતરણ કેન્દ્રનો પ્રારંભ

ડીસા, તા. ૧૪

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા દ્વારા ડિસા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસાના ચેરમેન માવજીભાઈ રબારી તેમજ કમિટિના સભ્યો દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓને વેગ આપવામાં આવી રહ્યો મોરચાના કારોબારી સભ્ય માવજીભાઈ રબારી દ્વારા આ વર્ષે ડિસા તેમજ આસપાસના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને મદદરૂપ થવા ડીસા માર્કેટયાર્ડ, લાખણી તેમજ ભીલડી પેટા


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સેવાકીય પ્રવૃત્તિઓના ભાગરૂપે રાહતદરે ચોપડા-નોટબુક વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. પરિણામે હાલ વિદ્યાર્થી ભાઈ-બહેનોનો ધસારો જોવા મળી રહ્યો છે. છે. હાલમાં કાળઝાળ મોંઘવારીના યુગમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોએ અભ્યાસ કરવો ખુબજ મુશ્કેલ બન્યો છે ત્યારે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન બજાર ખાતે રાહત દરે ચોપડા-નોટબુકનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં સવારથી જ વિતરણ કેન્દ્ર પર વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ ખેડૂતોની લાંબી લાઈનો લાગી રહી છે.

## પ્રાંતિજ સી.એચ.સી.માં એમ્બ્યુલન્સનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૩

પ્રાંતિજમાં સી.એચ.સી. સેન્ટર ખાતે આજે જનસેવાના ભાગરૂપે એમ્બ્યુલન્સ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અધ્યક્ષ તરીકે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા અને પ્રાંત અધિકારી એચ.આર. મોદી ઉપસ્થિત રહી તેનું ઉદ્ઘાટન કર્યું હતું.

પ્રાંતિજ સ્થિત સક્રીય જાયન્ટસ ગૃપ રોગી કલ્યાણ સમિતિ, પ્રાંતિજ તલોદ ધારાસભ્ય અને પ્રાંત અધિકારીની સંયુક્ત ગ્રાન્ટમાંથી પ્રાંતિજ સી.એચ.સી. ખાતે લોક ઉપયોગી એમ્બ્યુલન્સનું લોકાર્ણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. મનિષ ફેન્સી, ડૉ. જયંત ઉપેરીયા, ડૉ. ગૌતમ નાયક, ડૉ. એન.કે. ડેરિયા, સમીરભાઈ, મિતેષભાઈ શાહ, વજેશભાઈ ભાવસાર તથા જાયન્ટસ ગૃપના સભ્યો ગામના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર સંચાલન જાયન્ટસ ગૃપ દ્વારા કરવામાં આવ્યું હતું.

# શિક્ષિત અને સંસ્કારી સમાજના નિર્માણ માટે શિક્ષણ અનિવાર્ય છે : અશોકભાઈ ભાવસાર

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના -ાંતિજ તાલુકાના જીવણપુર અને ઘડી -ાથમિક શાળામાં ગુડા(ગાંધીનગર અર્બન ડેવલોપમેન્ટ આથોરીટી)ના ચેરમેનશ્રી અશોકભાઈ ભાવસારે ધોરણ- ૧ અને આંગણવાડીમાં -વેશપાત્ર બાળકોનું નામાકંન કરાવ્યું હતું.

આ -સંગે શાળામાં બાળકોને નામાંકન કરાવતા ચેરમેનશ્રી ભાવસારે જણાવ્યું હતું કે દરેક સમાજનો વિકાસ શિક્ષણ થકી શક્ય છે. આથી દરેક ગામના વાલીઓ,આગેવાનોને -ાથમિક શાળામાં -વેશપાત્ર દરેક બાળકને -ાથમિક શાળામાં દાખલ કરાવવા તથા બાળકને નિયમિત શાળાએ મોકલવા અને શિક્ષણક્ષેત્રે આગળ વધે તેવી વાલી તરીકે જવાબદારી નિભાવવી તથા શિક્ષિત બનાવી સંસ્કારી સમાજનું નિર્માણ કરવા અનુરોધ કર્યો હતો.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે શિક્ષિત અને સંસ્કારી સમાજના નિર્માણ માટે રાજય સરકારે કન્યા કેળવણી ઉપર ભાર મુક્યો છે. કન્યા


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

કેળવણી ને મહત્વ આપી કન્યાઓ ૮ ધોરણ સુધી -ાથમિક શિક્ષણ -ાપ્ત કરી આગળ વધે તે માટે અમલમાં મુકવામાં આવેલ વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાની વિસ્તૃત જાણકારી આપી હતી. આ -સંગે ચેરમેનશ્રી તથા મહાનુભવોના હસ્તે ધોરણ-૧ માં -વેશ મેળવનાર કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ એનાયત કર્યા હતા.

શાળાના બાળકોએ -ાર્થના તેમજ યોગનું નિર્દશન કર્યુ હતું. આ -સંગે તાલુકા/જિલ્લાપંચાયતના સદસ્યો, અધિકારીઓ, કેળવણી નિરીક્ષકો, વાલીઓ, શિક્ષકો, બાળકો તથા ગ્રામજનો હાજર રહયાં હતા.

## પ્રાંતિજ પોલીસે દારૂના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડયા

પ્રાંતિજ, તા.૧૪

ચિલોડા-હિંમતનગર માર્ગ પર પ્રાંતિજ નજીક ટોલનાકા પાસે પ્રાંતિજ પોલીસે બાતમીના આધારે વિદેશી દારૂ-બિયરના જથ્થા સાથે બે શખ્સોની અટકાયત કરી હતી અને કુલ રૂ. ૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે આ બંને વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બાતમીના આધારે હિંમતનગર-અમદાવાદ માર્ગ પર સ્કોર્પીઓ કાર નં. જીજે-૧૬-બીબી-૮૭૦૫ માં રાજસ્થાનથી દારૂ બિયરનો જથ્થો ભરી કાર પસાર થઈ રહી છે તેવી બાતમી પ્રાંતિજ પોલીસને મળી હતી જે બાતમીના આધારે પ્રાંતિજ ડી સ્ટાફ પોલીસની ટીમે ટોલનાકા પાસે વોચ ગોઠવી ચેકીંગ હાથ ધર્યું હતું. બાતમીવાળી કાર પસાર થતા તેને અટકાવી તપાસ હાથ ધરી હતી જેમાં પોલીસ ટીમે ૧૨ નંગ બિયર અને ૬ નંગ દારૂની બોટલ, કિં. રૂ. ૧૮૦૦, બે નંગ મોબાઈલ કિં. રૂ. ૧૬,૦૦૦ અને એક કાર કિં. રૂ. ૧૦ લાખ મળી કુલ રૂ ૧૦,૧૭,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# ભિલોડામાં ૨૧ ભરથરી પરીવારો ઘર વિહોણા બન્યા

ભિલોડા, તા.૧૪


અરવલ્લી જીલ્લાના ભિલોડાના નવા ભવનાથ વિસ્તારમાં



આવેલ સર્વે નંબર.૨૫૩૪ માં વર્ષોથી સામાન્ય છાપરાં બાંધીને વસવાટ કરી રહેલા ૨૧ ભરથરી પરીવારોના નાના-મોટા ઝુપડાં વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા હટાવાતાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો હતો.ભિલોડા જ્યુડીશીયલ મેજી.ના ક્વાટર્સ માટે આ વિસ્તારની જગ્યા મંજુર થતાં આ જગ્યા ઉપરથી ભરથરી સમાજના લોકોને હિજરત કરવાનો વારો આવ્યો છે.ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, મુકેશભાઈ મહેતા,અનિલભાઈ રાવલએ માનવતા દાખવી ભરથરી પરીવારોને હંગામી ધોરણે જગ્યા આપી આશરો આપ્યો હતો.ભિલોડા ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, વનરાજસિંહ રાઠોડ, ડુંગરસિંહ રાઠોડ, વનરાજભાઈ ડામોરએ ભરથરી પરીવારોની મુલાકાત લઈ આશ્વાસન આપેલ હતું.

કનુભાઈ ભરથરી અને ૨૧ ભરથરી પરીવારોએ જણાવ્યું હતું કે ભિલોડાના નવા ભવનાથ પાસેના સર્વે નંબર.૨૫૩૪ માં કાચુ છાપરૂ બાંધી વર્ષોથી બાપદાદાઓ વખતથી વસવાટ કરતા હતા.આ પરીવારોએ સને ૧૯૯૮માં તત્કાલીન ધારાસભ્ય ઉપેન્દ્રભાઈ ત્રિવેદીને લેખિતમાં રજુઆત કરી જમીન તથા મકાન બાંધવા રજુઆત કરી હતી.પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે જે-તે સમયે ક્યા કારણોસર આ પરીવારોને ઘર બાંધવા માટે જગ્યા ફળવાઈ ન હતી સાથે-સાથે રાજ્ય સરકારના મહેસુલ વિભાગના તા.૬/૬/૨૦૦૩ના ઠરાવ મુજબ વિચરતી વિમુક્ત જાતિના ગરીબ લાભાર્થીઓને મફત પ્લોટ આપી સામુહિક વસાહત બનાવી આપવાની સરકારની જોગવાઈ હોવા છતાં ભિલોડાના ૨૧ ભરથરી પરીવારો આજે તો ઘરવિહોણા થઈ ગયા છે.ગુજરાત રાજ્ય સરકારની ઘર વિહોણાને ઘરના ઘર આપવાની યોજનાનો લાભ આ પરીવારોને ક્યારે મળશે તે હવે ભિલોડામાં ભારે ચર્ચાનો વિષય બન્યો હોવાનું લોકમુખે ચર્ચાય છે.એક પણ પરીવાર ઘરવિહોણું હોવું જોઈએ નહી ત્યારે ૨૧ પરીવારો આજે ઘરવિહોણા થઈ ગયા છે.૨૧ પરીવારોએ રાજયના જુદા-જુદા ખાતાઓના સંલગ્ન અધિકારીઓને ઘરનું ઘર આપવાની યોજના માટે વારંવાર રજુઆત કરી છે પરંતુ





તાજેતરમાં કોર્ટને ફળવાયેલ જમીન ખાલી કરાવેલ છે.

ભિલોડા ગ્રામ પંચાયત યુવાન,ઉત્સાહી સરપંચ મનોજભાઈ પટેલએ માનવતા દાખવી ૨૧ ભરથરી પરીવારોને શ્રી અંબીકાનગર પાસે ગામતળની ખુલ્લી જમીનમાં હંગામી ધોરણે આશરો આપી જમવાની,પાણીની યોગ્ય વ્યવસ્થા કરી આશરો આપતા આનંદની લાગણી પ્રસરી હતી.

ભિલોડા ગ્રામ પંચાયત મતવિસ્તારમાં ઠેર-ઠેર મોટાપાયે દબાણોનો રાફડો ફાટ્યો છે પરંતુ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓને શું મોટા-મોટા ગેરકાયદેસર દબાણો નહી દેખાતા હોય તેમ લોકમુખે ચર્ચાતો પ્રાણપ્રશ્ન છે.

# નવા મુખ્યમંત્રીના સુશાસનમાં પાલનપુરની પ્રદૂષણ ફેલાવતી ટ્રાફિક સમસ્યાનો ત્રાસ યથાવત


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧૪

ગુજરાતમાં સુશાનના નામે છાશવારે બણગા ફૂંકતા ભાજપના જ મુખ્યમંત્રી, તેમના જ મંત્રીઓ, સંત્રીઓ (પોલીસ) પાલિકા પ્રમુખો તથા નોકરશાહોને લોકોના આરોગ્ય, આવાગમનની ટ્રાફિક સમસ્યા, ધૂળ વિનાના સ્વચ્છ, દબાણ વિનાના ખુલ્લા રસ્તા, સડકોની બિસ્માર હાલત વિષે સહેજે પરવા નથી. પાલનપુરમાં વસ્તીવિસ્ફોટ અને ભ્રષ્ટાચારની બે નંબરની કમાણીમાંથી ખરીદેલા કાર મોટરસાઈકલ, સ્કુટરો, રીક્ષાઓ, જીપો, ડાલાં મોટા ટ્રકના માલિકોના આડેધડ રોડ પર પાર્કિંગ કરાતાં વાહનો તથા લારી ગલ્લા પાથરણાવાળાઓમાં રોડ પરનાં દબાણોના કારણે પાલનપુરમાં ટ્રાફિક સમસ્યા ભયંકર વકરી ગઈ છે. અધુરામાં પુરૂ દુકાનદારો પણ બાપાનો બગીચો હોય તેમ રસ્તાઓ પર પોતાનો સામાન, બોર્ડ પાટિયાં લોખંડની જાળીઓ મુકીએ શહેરીજનોનું રસ્તા પર ચાલવું હરામ કરી દીધું છે. ખાસ કરીને સવારે પીકઅપ અવર્સ અને સાંજે ઓફિસ છુટ્ટીના ટાણે તો ગુરૂનાનક ચોક, સિમલા ગેટ, દિલ્હીગેટ, સમીરરોડ ચારરસ્તા ગડામરા ગેટ ચાર રસ્તા પર વાહનોની લંગાર લાગી જાય છે. લાગે છે કે વ્યક્તિ બદલાવા છતાં બોગસ વહીવટ કદી બદલાશે નહીં.

લારી-ગલ્લાવાળાઓની મજબૂરી અને પોલીસની હપ્તાખોરીથી ટ્રાફિક સમસ્યા વર્ષોથી વકરતી આવી છે. આવનાર સમયમાં આ ટ્રાફિક સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરશે એ નિઃશંક વાત છે. ટ્રાફિક પોલીસની દરમ્યાનગીરીથી પણ આ સમસ્યાનો કાયમી ઉકેલ શક્ય નથી. ખરેખર તો લારી-ગલ્લા, પાથરણાવાળા માટે કલેક્ટર, એસ.પી. તથા પાલિકા પ્રમુખ વગેરેએ અલગ હોકર ઝોમ બનાવવાની જરૂર છે. તો જ આ સમસ્યા હળવી થશે. રોડ પર સામાન ખડકતા વેપારીઓ સામે દબાણ હટાવોની કાયમી ઝુંબેશ પાલિકાના નિંભર સત્તાધીશોએ આદરવાની જરૂર છે. ટાઉન પ્લાનંગ સમિતિએ ઈમાનદારી દાખવીને નવી બનતી ઈમારતોમાં પાર્કિંગ પ્લેસ, શૌચાલય ઈત્યાદિની વ્યવસ્થા રાખવાની શરતોનું પાલન કરાવવું જરૂરી છે.

આ ઉપરાંત ટ્રાફિક જામ દરમ્યાન સેંકડો વાહનોમાં પેટ્રોલ ડીઝલ ગેશનો ધુમાડો નીકળે છે. જેનાથી લોકોને આર્થિક નુકસાનની સાથે પ્રદૂષિત હવાથી હૃદય ફેંફસા દમ ખાંસીની બીમારીના ભોગ બનવું પડે છે. પર્યાવરણને પણ પારાવાર નુકશાન થાય છે. રસ્તાના ડિવાઈડરોની જગ્યામાં વર્ષોથી વાવેલા વૃક્ષો આજ સુધી છોડ જેટલા પણ ઉગ્યા નથી.

## સોનાસણ ગામે પૈસાની ઉઘરાણીમાં બચાવવા ગયેલા વૃદ્ધનો ગંભીર ઈજા થતા મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે શુક્રવારે મોડી સાંજે ઉછીના આપેલા પૈસાની ઉઘરાણી બાબતે ગામના ચાર જણાએ ગામના એક ઈસમને માર મારતા બચાવવા પડેલા વૃદ્ધનું ગંભીર ઈજાને કારણે મોત નિપજયું હતું જે અંગે પ્રાંતિજ પોલીસ મથકે ચાર વિરુદ્ધ હત્યાનો ગુનો શનિવારે નોંધાયો છે. આરોપીને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે નવા વણકરવાસમાં રહેતા સંજયભાઈ મગનભાઈ વણકર પાસે ગામના રણજીતસિંહ પરમારે પાંચ વર્ષપહેલા ઉછીના રૂ. ૨૫ હજાર આપ્યા હતા જેની અવાર નવાર ઉઘરાણી કરવા છતાં સંજય પૈસા આપતો ન હતો દરમિયાન શુક્રવારે મોડી સાંજે સોનાસણ ગામે રહેતા રણજીતજી, અશોકજી, બળવંતજી ત્રણે ભાઈ સાથે વિક્રમસિંહ મળી ચારેય જણા નવ વણકરવાસમાં ગયા હતા અને સંજય પાસે ઉઘરાણીની રકમ માંગી હતી પરંતુ સંજય એ હાલ સગવડ ન હોવાનું કહ્યું હતું અને સવગડ થયે આપીશ તેથી ઉઘરાણી આવેલ ચારેય જણા ઉશ્કેરાઈ ગયા હતા અને સંજય ઉપર લાકડી-લોખંડના હથિયાર વડે હુમલો કર્યો અને સાથે તેની કાર ઈંટો અને પથ્થરો મારી કારના કાચ તોડી નાખ્યા હતા. સંજયના ઘર નજીક થયેલી મારા મારીમાં સંજયને બચાવવા આવેલા સંજયભાઈના વૃદ્ધ પિતા મગનભાઈ લાલાભાઈ વણકરને પણ લાકડીનો માર અને લોખંડની મુઠ વાગી હતી. વૃદ્ધને ગંભીર ઈજા થતા મોત નિપજયું હતું.


અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની પાલ્લા પ્રાથમીક શાળામાં પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે અરવલ્લી જીલ્લા કલેક્ટર બી.જે.ભટ્ટ, અરવલ્લી જીલ્લા ભાજણ સંગઠન મહામંત્રી રાજેશભાઈ નિનામા,ભિલોડા તાલુકા પંચાયત ઉપપ્રમુખ ગજાનંદભાઈ પ્રજાપતી,પાલ્લા પ્રાથમીક શાળા આચાર્ય, સ્ટાફ પરીવાર,વિદ્યાર્થીઓના વાલીઓ, પાલ્લા ગામના અગ્રણી ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જંત્રાલ ગામે પ્રવેશોત્સવ ઉજવાયો

મહેસાણા, તા. ૧૪

મહેસાણા જિલ્લામાં ગ્રામીણ કક્ષાના શાળા પ્રવેશોત્સવમાં આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલની હાજરીમાં બાળકોનું નામાંકન કરવામાં આવ્યું હતું. ગ્રામીણ કક્ષાના શાળા પ્રવેશોત્સવમાં વિજાપુર તાલુકાના ગુંદરાસણ, બામણવાસ, કમાલપુર, જંત્રાલ, બહુચરપુરા, રાધુપુરા પ્રાથમિક શાળાના તેમજ હાઈસ્કૂલના બાળકોનું નામાંકન કરાવ્યું હતું.

બાળકો એ દીકરો દીકરી એક સમાન, પાણીનું મહત્વ સહિત વિવિધ વિષયો પર વક્તવ્ય આપ્યા હતા.

મંત્રીશ્રી દ્વારા દાતાઓ તેમજ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી કીટ આપી પ્રવેશ મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ તેમજ શિષ્યવૃત્તિના ચેકનું વિતરણ મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ જંત્રાલ પ્રાથમિક શાળાના નવીન ઓરડાનું લોકાર્પણ કર્યુ હતું. આ ઉપરાંત ગામોમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરેલ વયોવૃદ્ધ પૂર્વ વિદ્યાર્થી વડીલોનું સન્માન મંત્રીશ્રીએ કર્યુ હતું.

ગ્રામીણ કક્ષાના શાળા પ્રવેશોત્સવ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપેલ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી યાત્રા કાર્યક્રમના માધ્યમથી શિક્ષણિક ક્ષેત્રે રાજ્યના તમામ સમાજમાં આમુલ પરિવર્તન આવ્યું છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન